બિઝનેસ Utility

બજારને લગતી રોજબરોજના ભાવની વધઘટ નીચે મુજબ છે.

બુલિયન માર્કેટ

કીમતી ધાતુ અમદાવાદ		કીમતી ધાતુ (ડોલરમાં)	
ચાંદી રોરસા	96500-99500	સોનું	3027.90
ચાંદી રૂપુ	96300-99300	ચાંદી	33.94
સોનું (99.9)	89800-91300	કોમેક્સ સોનુ	3036.70
સોનું (99.5)	89500-91000	કોમેક્સ ચાંદી	34.67
હોલમાર્ક	89475	પ્લેટિનમ	999.97
જૂના બિસ્કા	1000-1200	પેલેડિયમ	964.86

(આં.રા. ભાવ 8 વાગ્યા સુધીના)

માર્કેટ મોનિટર

કંપની	બંધ		તફાવત
બીએસઈ સેન્સેક્સ	75,301.26	▲	1.53%
CNX નિફ્ટી	22,834.30	▲	1.45%
સીએનએક્સ 500	20,657.20	▲	1.82%
બીએસઈ -100	23,845.74	▲	1.67%
બીએસઈ -200	10,286.22	▲	1.72%
બીએસઈ -500	32,543.43	▲	1.81%

ન્યૂઝ ઇન બોક્સ

ટાફે દ્વારા વાઇસ-ચેરમેન તરીકે ડો. લક્ષ્મી વેણુની નિયુક્તિ કરવામાં આવી

મુંબઈ | વિશ્વની અગ્રણી ટ્રેક્ટર કંપની અને સૌથી મોટી ટ્રેક્ટર ઉત્પાદક કંપનીઓમાંથી એક એવી ટાફે - ટ્રેક્ટર્સ એન્ડ ફાર્મ ઇક્વિપમેન્ટ લિમિટેડના ડાયરેક્ટર ડો. લક્ષ્મી વેણુને ટાફે)ના વાઇસ ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડો. લક્ષ્મી એક ગતિશીલ નેતૃત્વકર્તા છે. જેઓ ખેતી ક્ષેત્રમાં યાંત્રિકીકરણ અને ઓટો કોમ્પોનન્ટ વ્યવસાયમાં મેળવેલી સિદ્ધિઓ બદલ જાણીતા છે. વ્યૂહાત્મક વિચારસરણી, ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, મજબૂત ગુણવત્તાલક્ષી અભિગમ અને ટાફેના મેસી ફર્ગ્યુસન વ્યવસાયમાં ઇનોવેશનને વેગ આપશે.

બ્વાઇટ આઉટડોરએ મુંબઈમાં તેના ડિજિટલ એલઇડી નેટવર્કનું વિસ્તરણ કર્યું

મુંબઈ | બ્વાઇટ આઉટડોર મીડિયા લિમિટેડ ભારતના આઉટ-ઓફ-હોમ એડવર્ટાઇઝિંગમાં અગ્રેસર છે. તેણે તેના સંયુક્ત સાહસ ભાગીદાર સાથે મળીને મુંબઈમાં ત્રણ નવા ડિજિટલ એલઇડી બિલબોર્ડ રજૂ કર્યા છે. કુલ 1,840 ચોરસ ફૂટ નવી આઉટ-ઓફ-હોમ એડવર્ટાઇઝિંગ જગ્યા ઉમેરવામાં આવી રહી છે. આ નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યૂહાત્મક રીતે દ્રશ્યતા અને જોડાણને મહત્તમ બનાવવા માટે તૈનાત કરવામાં આવ્યા છે આ વિસ્તરણ ડિજિટલ આઉટ નેતૃત્વને મજબૂત બનાવે છે.

વેલસ્પન કોર્પને US માં ને.ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટ્સ માટે 2,400 કરોડનો ઓર્ડર મળ્યો

મુંબઈ | વેલસ્પન કોર્પ લિમિટેડે યુએસએમાં નેચરલ ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટ્સ માટે કોટેડ પાઇપ સપ્લાય કરવા માટે આશરે 2,400 કરોડના નવા ઓર્ડર મેળવ્યા છે. આ સાથે કંપનીની કોન્સોલિડેટેડ ઓર્ડર બુક હવે લગભગ ₹20,000 કરોડ થઈ ગઈ છે. આ ઓર્ડર્સની અમલ મોટાભાગે નાણાકીય વર્ષ 26 અને નાણાકીય વર્ષ 27 માં થવાનો છે. કડક ગુણવત્તા જરૂરિયાતો પૂરી કરવાની, સમયસર ડિલિવરી કરવાની ક્ષમતાએ આ કરારોને સુરક્ષિત કરવામાં મદદ કરી છે.

સીઆઇઆઇ ફૂડ સેક્ટ્રી એવોર્ડ્સ અને મજબૂત પ્રતિબદ્ધતા બદલ કારગિલને માન્યતા

નવીદિલ્હી | ખાદ્ય અને કૃષિ ક્ષેત્રમાં વૈશ્વિક અગ્રણી કારગિલને કન્ઝ્યુમર્સ એન્ડ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી ફૂડ સેક્ટ્રી એવોર્ડ્સ 2024-ની 15મી એડિશનમાં ઘણાં સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી અને મજબૂત પ્રતિબદ્ધતા માટે માન્યતા આપવામાં આવી છે. તેની કામગીરીમાં ઉચ્ચતમ ફૂડ સેક્ટ્રી સ્ટાન્ડર્ડ્સ જાળવવાની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાતના કંડલા પ્લાન્ટ માટે આપવામાં આવ્યા છે. આકરા ફૂડ સેક્ટ્રી પ્રોટોકોલ, શ્રેષ્ઠ ગુણવત્તા રજૂ કરે છે.

એચપીએ બિઝનેસીસ માટે તેની નેક્સ્ટ-જેન એઆઇ કોમર્શિયલ લાઇનઅપ રજૂ કરી

નવી દિલ્હી | એચપીએ બિઝનેસીસ અને પ્રોફેશનલ્સની બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારતમાં નેક્સ્ટ જનરેશન કોમર્શિયલ એઆઇ પીસીની તેની નવી રેન્જ રજૂ કરી હતી. લેટેસ્ટ Intel® Core પ્રોસેસર્સ દ્વારા સંચાલિત છે જે ન્યૂરલ પ્રોસેસિંગ યુનિટ ધરાવે છે જે દર સેકન્ડે 48 ટ્રિલિયન સુધીના ઓપરેશન્સ હાથ ધરી શકે છે. કામનો માહોલ સતત બદલાઈ રહ્યો છે ત્યારે લીડર્સને એવી મોબાઇલ ડિવાઈસીસ જોઈએ છે.

2032 સુધી હેર ટ્રાન્સપ્લાન્ટ ઉદ્યોગ USD 141.88 બિ.પહોંચશે- યુજેનિક્સ

નવીદિલ્હી | હેર ટ્રાન્સપ્લાન્ટ ઇન્ડસ્ટ્રીઝ ઝડપથી વિસ્તરી રહ્યો છે અને 2032 સુધી તેનો વૈશ્વિક બજાર કદ USD 141.88 બિલિયન સુધી પહોંચવાની સંભાવના છે, જે 18-2032 દરમિયાન 25.2% CAGR સાથે વિકાસ પામશે. ભારતમાં, 2022 માં બજારનું મૂલ્ય USD 195.25 મિલિયન હતું, યુજેનિક્સ હેર સાયન્સ, ડો. પ્રદીપ સેથી અને ડો. અરીકા બંસલ દ્વારા સ્થાપિત, 16,000+ સફળ હેર ટ્રાન્સપ્લાન્ટ કરી ચૂક્યું છે.

કેસ્ટ્રોલ ઇન્ડિયા દ્વારા નવું કેમ્પેઇન 3 ગણા રક્ષણને હવે પછીના સ્તરે લઇ જશે

મુંબઈ | ભારતની અગ્રણી લ્યૂબ્રીકન્ટ ઉત્પાદક કેસ્ટ્રોલ ઇન્ડિયાએ ટ્રુ-લીડર એન્જિન ઓઇલની સીઝ્યમ બ્રાન્ડ કેસ્ટ્રોલ એક્ટિવના પુનઃલોન્ચને ટેકો પૂરો પાડવા માટે ઊંચી અસર ઉજાગરતી માર્કેટિંગ કેમ્પેન શરૂ કરી છે. એન્જિન વધુ પડતુ ગરમ થવા સામે 3 ગણી સુરક્ષા પૂરું પાડવા માટે ડિઝાઇન કરાયેલ આ પ્રોડક્ટ અપગ્રેડને બ્રાન્ડ એમ્બેસેડર શાહરૂખ ખાનને સમાવીને મલ્ટી-ચેનલ કેમ્પેન દ્વારા સમર્થન આપવામાં આવ્યુ છે. કેમ્પેન એક સર્જનાત્મક વર્ણનનું નિરૂપણ કરે છે.

ડોલર સામે રૂપિયામાં સતત ત્રીજા દિવસે સુધારો, વૈશ્વિક મજબૂતી, ક્રૂડમાં સ્થિરતા અને શોર્ટ કવરિંગની અસરે

શેરમાર્કેટમાં મજબૂતી, સેન્સેક્સ 1131 પોઇન્ટ વધી મહિનાની ટોચે, માર્કેટકેપ 400 લાખ કરોડ

માર્કેટમાં સુધારાનાં 5 મજબૂત કારણો

1 ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયામાં સતત ત્રીજા દિવસે સુધારો

2 જિયો પોલિટીકલ સ્થિરતાની આશા, ક્રૂડના ભાવ રેન્જ બાઉન્ડ

3 માર્કેટમાં મોટા પાયે શોર્ટ કવરિંગ, FII-DII ની મજબૂત ખરીદી

4 માઇક્રો ઇકોનોમીક ડેટામાં મજબૂતી, RBI દ્વારા રેટકટની અપેક્ષા

5 વૈશ્વિક સુધારાનો ટ્રેન્ડ, ફંડના પોઝિટિવ આઉટલુકની આશા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતીય શેરમાર્કેટમાં મજબૂત સ્થિતી જોવા મળી છે. શેરબજારમાં છેલ્લા અઢી મહિનાની સૌથી મજબૂત રાહત રેલી જોવા મળી છે. સેન્સેક્સ 1131.31 પોઇન્ટ વધી 75,301.26ની સપાટીએ બંધ રહ્યો હતો જે 18 ફેબ્રુઆરી 2025 પછીની સૌથી ઊંચી સપાટી હતી. જ્યારે નિફ્ટી 325.55 પોઇન્ટ વધી 22834.30 બંધ રહેતાં 20 દિવસની મુવિંગ એવરેજની ઉપર નીકળી હતી. જે ટૂકાગાળાની અસ્થિરતામાંથી બહાર આવ્યો હોવાના સંકેત દર્શાવે છે. એક સપ્તાહથી આવેલી સ્થિરતાથી પોઝિટીવ માહોલમાં રોકાણકારોની મૂડીમાં પણ નીચલા સ્તરથી સરેરાશ 3.15 લાખ કરોડનો સુધારો થયો છે. જેમાં રૂ.7.06 લાખ કરોડની વૃદ્ધિ તો માત્ર મંગળવારના દિવસે જ રહી હતી. ડોલર સામે રૂપિયો વધુ 26 પૈસા વધી 86.55 રહ્યો હતો, જે એક મહિનાની સૌથી મજબૂત સ્થિતિ હતી. FIIની લાંબાસમય બાદ 695 કરોડ જ્યારે સ્થાનિક રોકાણકારોની 2535 કરોડની મજબૂત ખરીદી રહી હતી.

વૈશ્વિક શેરબજારમાં પણ સુધારાની સ્થિતિ હતી. અમેરિકન ફેડરલ રિઝર્વની મીટિંગમાં વ્યાજદરમાં ઘટાડા અને અમેરિકાની ઇકોનોમી માટે ભાવિ કેવા સંકેત આપવામાં આવે છે તેની પર નજર છે. એશિયાથી લઈ યુરોપના શેરબજારમાં સુધારાની પણ સ્થાનિકમાં પોઝિટીવ અસર થઈ હતી. હૉંગકૉંગનો હેંગસેંગ આંક વર્ષની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. સેક્ટોરલ ઇન્ડેક્સમાં બધા જ સૉન ઝોનમાં બંધ હતા જેમાં કન્ઝયુમર ડિસ્ક્રેશનરી 2.8 ટકા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર 2.1 ટકા, સીપીએસઈ 2 ટકા, પીએસયુ 2 ટકા, પાવર 2.3 ટકા, ઇન્ડસ્ટ્રીઝ 2.8 ટકા, પ્રાઇવેટ બેન્ક 2 ટકા, યુટિલીટી 2 ટકા, ઇન્ટરનેટ ઇકોનોમી 3.2 ટકા, ઓટો 2.4 ટકા, પ્રીમિયમ કન્ઝમ્પશન 2.8 ટકા, કેપિટલ ગુડ્ઝ 2.4 ટકા, કન્ઝયુમર ડ્યુરેબલ 2.6 ટકા, પાવર 2.3 ટકા અને રિયલ્ટી 2.9 ટકા વધ્યા હતા. બેન્ચેક્સ બે ટકા ઊંચકાયો હતો.

ભારતમાં ટ્રમ્પની એપ્રિલમાં ટેરિફ પર રોકાણકારોની નજર

> વૈશ્વિક ઇક્વિટીમાં તેજીને કારણે સ્થાનિક રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે જે તમામ સેક્ટરમાં પોઝિટીવ ટ્રેન્ડમાં પરિણમ્યો. રોકાણકારોએ નબળા ક્ષેત્રોમાં તક ઝડપી લીધી છે. જોકે, હજુ વૈશ્વિક પડકારો અને ભારત સહિત મુખ્ય અર્થતંત્રો પર ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીને કારણે સ્થાનિક વૃદ્ધિ ધીમી પડવાના ભયને કારણે રિકવરી જાળવી રાખવી મુશ્કેલ બની શકે છે. » **પ્રશાંત તાપસે,** સિનિયર વીપી, મહેતા ઇક્વિટીઝ લિમિટેડ

રૂપિયામાં શાનદાર રિકવરી, ક્રૂડમાં સ્થિરતાની અસર

> ડોલર ઇન્ડેક્સમાં તાજેતરના ઘટાડા સામે રૂપિયામાં ઝડપી રિકવરી અને નીચા ક્રૂડના ભાવ સાથે સ્થાનિક કોર્પોરેટ અર્નિંગ્સમાં અપેક્ષિત રિકવરીને ટેકો આપશે તેવી અપેક્ષા છે. બીજી તરફ વૈશ્વિક સ્તરે ભારતીય ઇક્વિટી માર્કેટ વિદેશી રોકાણકારો માટે આકર્ષક બની રહ્યું છે. વેલ્યુએશન નીચા આવતા FII નો સપોર્ટ જોવા મળી શકે છે. » **વિનોદ નાયર,** રિસર્ચ હેડ, જિયોજિત ફાઈ. સર્વિસિસ

RBI અને BOM વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં સ્થાનિક ચલણના ઉપયોગ માટે કરાર

મુંબઈ | રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા અને બેન્ક ઓફ મોરેશિયસે સીમા પારના વ્યવહારો માટે ભારતીય રૂપિયો અને મોરેશિયન રૂપિયાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે એક માળખું સ્થાપિત કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રા અને BOMના ગવર્નર રામ કૃષ્ણ ગિશાનન વચ્ચે આ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ગત 12 માર્ચ, 2025ના રોજ મોરેશિયસના પોર્ટ લુઈસ ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મોરેશિયસના વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલમ વચ્ચે MoU દસ્તાવેજોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. આરબીઆઈએ જણાવ્યું હતું કે MoUનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય વેપારમાં ભારતીય રૂપિયો અને મોરેશિયન રૂપિયાના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ એમઓયુ બંને દેશો દ્વારા સંમત થયા મુજબના તમામ ચાલુ ખાતાના વ્યવહારો અને અનુમતિપાત્ર મૂડી ખાતાના વ્યવહારોને આવરી લે છે. આ માળખું નિકાસકારો અને આયાતકારોને સંબંધિત સ્થાનિક ચલણમાં ઇનવોઇસ અને ચૂકવણી કરવા માટે સક્ષમ બનાવશે, જે બદલામાં INR-MURમાં માર્કેટના વિકાસને સક્ષમ બનાવશે. સ્થાનિક ચલણનો ઉપયોગ વ્યવહારો માટે ખર્ચ અને સેટલમેન્ટના સમયને શ્રેષ્ઠ બનાવશે. "આ સહયોગ RBI અને BOM વચ્ચે દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

વૈશ્વિક સ્તરે સોનામાં આકામક તેજી, 3030 ડોલર ક્રોસ, ચાંદી 35 ડોલર નજીક

સોનું વધુ 500 ઉછળી 91300ની નવી ટોચે, દિલ્હીમાં ચાંદી 103000ની ટોચે

બિઝનેસ ડેસ્ક | અમદાવાદ

બૂલિયન માર્કેટમાં તેજીનો કરંટ જળવાઈ રહ્યો છે. અમેરિકામાં આર્થિક સંકટ, વૈશ્વિક સ્તરે ટ્રેડવોરનો ભય અને જિયો પોલિટિકલ ઇશ્યૂના અહેવાલે સલામત રોકાણ સોનામાં તેજી લંબાઈ રહી છે. કોમેક્સ સોનું 30 ડોલરની તેજી સાથે 3032 ડોલરની સપાટી ઉપર ક્વોટ થઈ રહ્યું છે જેના કારણે સ્થાનિક બજારમાં અમદાવાદ ખાતે પ્રતિ 10 ગ્રામ રૂ.500 વધી રૂ.91000ની સપાટી કુદાવી રૂ.91300 બોલાઇ ગયું છે જ્યારે ચાંદી 35 ડોલરની નજીક 34.70 ડોલર પહોંચતા અમદાવાદમાં પ્રતિ કિલોગ્રામ રૂ.1 લાખ નજીક 99500 બોલાતી હતી. જ્યારે નવીદિલ્હી ખાતે ચાંદી 10300ની નવી ટોચે પહોંચી છે. 31 ડિસેમ્બરના રોજ સોનાની કિંમત રૂ.78700 હતી જે સરેરાશ અઢી માસમાં રૂ.12600ની ઝડપી વધારો થઈ ચૂક્યો છે. જ્યારે ચાંદી પ્રતિકિલો ગ્રામ ચાલુ વર્ષે રૂ.13000 વધી હતી.

પોલિટિકલ વોર સર્જાય તો વૈશ્વિક સોનું 3300 ડોલર થઇ શકે

> ટ્રમ્પના નિવેદનો જે રીતે આવી રહ્યાં છે તેને ધ્યાનમાં લેતા તેજી ભર્યો માહોલ જોવા મળી શકે છે. વૈશ્વિક બજારમાં સોનું 3030 ડોલર કૂદાવ્યું છે. ટ્રમ્પનું વલણ નરમ બને તો ઘટીને 2870 ડોલર જ્યારે આક્રમક વલણ અપનાવે તો ઉપરમાં 3300 ડોલર થઇ શકે. » **ભિરેન વકીલ,** સીઈઓ-ચેરાઝમ કોમોડિટીઝ.

2025: સોનું 12600, ચાંદી 13000 વધી			
વિગત	31-12-24	18-2-25	તફાવત
સોનું	78700	91300	+12600
ચાંદી	86500	99500	+13000
રૂપિયો	85.65	86.55	-0.90
સેન્સેક્સ	78139	75301	-2838
નિફ્ટી	23645	22834	-811

(નોંધ-સોના-ચાંદીના ભાવ અમદાવાદના)

ફેડરલ રિઝર્વની મળનારી બેઠકમાં વ્યાજદર ઘટાડા મુદ્દે આઉટલુક પોઝિટીવ આવશે અને વર્ષમાં બેથી ત્રણ વખત રેટકટની આશાએ બૂલિયન માર્કેટમાં ઓછી ગતિવિધિથી મળી રહ્યો છે. હાલ ઘટાડાના સંકેતો નહિંવત્ છે.

LICને 100 વર્ષના બોન્ડ રજૂ કરવા RBIને અનુરોધ

મુંબઈ | લાઇફ ઇન્સ્યોરન્સ દિગ્ગજ એલઆઈસીએ 100 વર્ષના પેપર બોન્ડ સહિત લાંબા ગાળાના સરકારી બોન્ડ રજૂ કરવા માટે રિઝર્વ બેન્કને વિનંતી કરી છે. LICના એમડી અને ચીફ એક્ઝિક્યુટિવ સિદ્ધાર્થ મોહંતીએ જણાવ્યું હતું કે વીમા કંપની લાઇફ પોલિસીનું વેચાણ કરે છે, જેમાં લાંબા ગાળાના બોન્ડ્સમાં રોકાણ જરૂરી હોય છે. આરબીઆઈ 20-30 વર્ષની મુદતના બોન્ડ્સને મંજૂરી આપે છે અને તાજેતરમાં 40 વર્ષની મુદતના બોન્ડને પણ મંજૂરી આપવામાં આવી છે. અમે પણ 50 વર્ષ અને 100 વર્ષના બોન્ડની અપેક્ષા ધરાવીએ છીએ. અમે સમયાંતરે આ રજૂઆત કરી રહ્યા છીએ અને તેઓ તે અંગે વિચાર પણ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યોબલ માર્કેટમાં અનેક દેશો 100 વર્ષના બોન્ડ ઇસ્યુ કરે છે ત્યારે ભારતમાં મર્યાદિત માંગ તેમજ સેક્ન્ડરી માર્કેટમાં ઓછી ગતિવિધિથી હજુ પણ તેને રજૂ કરવામાં આવ્યા નથી.

કુલ રોકાણમાંથી અડધું રોકાણ માત્ર મુંબઇમાં નોંધાયું

રિયલ એસ્ટેટમાં જુલાઈ-ડિસે.માં રોકાણ વધીને 26 હજાર કરોડ

બિઝનેસ સંવાદદાતા | નવીદિલ્હી

સમગ્ર એશિયા-પેસિફિકમાં રોકાણ 12 ટકા વધ્યું

સમગ્ર એશિયા પેસિફિક ક્ષેત્રમાં બીજા છ મહિનામાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં રોકાણ 12% વધ્યું. સમગ્ર 2024 દરમિયાન અંદાજે 13.5 લાખ કરોડનું રોકાણ થયું હતું. બીજા છ મહિનામાં આ ક્ષેત્રમાં થયેલા કુલ રોકાણમાંથી 59% રોકાણ દક્ષિણ કોરિયા, જાપાન અને ચીનમાં થયું. રૂપિયાથી વધુનું રોકાણ નોંધાયું હતું. ઈન્ડસ્ટ્રિયલ અને વેરહાઉસિંગ સેગમેન્ટમાં 27% રોકાણ થયું હતું. કોલિયર્સ ઈન્ડિયાના CEO બાદલ યાજ્ઞિકે જણાવ્યું હતું કે સંસ્થાકીય રોકાણે ઉલ્લેખનીય વૃદ્ધિ દર્શાવી છે. 2024માં રોકાણમાં 22%-ની વૃદ્ધિ સાથે રોકાણ 56 હજાર કરોડ રૂપિયાથી વધુ રહ્યું હતું.

> વર્ષ 2024ના બીજા છ મહિનામાં એટલે કે જુલાઇથી ડિસેમ્બરની વચ્ચે દેશના રિયલ એસ્ટેટ માર્કેટમાં રોકાણ 88% વધીને અંદાજે 26 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. તેમાંથી અંદાજે અડધુ રોકાણ માત્ર મુંબઈમાં જ થયું છે. કુલ રોકાણમાં 57% હિસ્સો વિદેશી રોકાણકારોનો રહ્યો હતો. તેનાથી એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વૈશ્વિક રોકાણકારો વચ્ચે ભારતની વધતી અપીલ અંગે જાણવા મળે છે.
>
> રોકાણમાં ઑફિસ સ્પેસ, ઈન્ડ.-લૉજિસ્ટિક્સ સેગમેન્ટમાં વૃદ્ધિ નોંધાઈ હતી. સૌથી વધુ 47% રોકાણ ઑફિસ સ્પેસમાં નોંધાયું છે. આ સેગમેન્ટમાં જુલાઈ-ડિસેમ્બર 2024 દરમિયાન 12 હજાર કરોડ

દેશના 11 કરોડ રોકાણકારોમાંથી 2% જ ડેરિવેટિવ્સમાં રોકાણકર્તા

ભૌગોલિક પરિબળોથી માર્કેટમાં વિક્ષેપ આવે છે

એજન્સી | નવીદિલ્હી

શેરમાર્કેટમાં સક્રિય 11 કરોડ રોકાણકારોમાંથી માત્ર 2% રોકાણકારો જ ડેરિવેટિવ્સમાં રોકાણ કરે છે. મોટા ભાગના રોકાણકારો લાંબા ગાળા માટે જ રોકાણ કરવાનું પસંદ કરે છે તેવું નેશનલ સ્ટોક એક્સ્ચેન્જના એમડી અને સીઈઓ આશિષ ચૌહાણે જણાવ્યું હતું. આ ટ્રેન્ડ દેશમાં શિસ્તબદ્ધ અને ટકાઉ રોકાણના વધતા મહત્વને દર્શાવે છે.

એક્સ્ચેંજ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર ચૌહાણે વિકસતા નાણાકીય પરિદ્રશ્ય, ટેક્નોલોજી સંચાલિત મૂડીવાદનો ઉદય અને વૈશ્વિક માર્કેટની વધતી જતી જટિલતાઓ અંગે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડી હતી.

તેમણે નાણાકીય સ્થિરતા પર પરંપરાગત દૃષ્ટિકોણને ફરીથી વ્યાખ્યાયિત કરતા જણાવ્યું હતું કે અસ્થિરતા એ નરમાઈ નથી પરંતુ આર્થિક પ્રગતિનું સહજ લક્ષણ છે. ચૌહાણે જણાવ્યું હતું કે માર્કેટમાં અનેકવાર વિક્ષેપ આર્થિક પરિબળોને બદલે ભૌગોલિક રાજકીય ફેરફારને કારણે જોવા મળે છે. તેમના સંબોધનનો સૌથી મુખ્ય વિષય મૂડી વગર મૂડીવાદનો ઉદભવ હતો. પરંપરાગત રીતે સંપત્તિનું સર્જન મોટા પાયે આર્થિક રોકાણ પર નિર્ભર હતું.

ફાઇનાન્સિયલ સેક્ટરમાં ડિજિટલ સલામતી અનિવાર્ય

સાયબર વોરફેરને કારણે ઉભા થતા ખતરાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સ્ટોક એક્સ્ચેન્જ પર સતત સાયબર ઠગો દ્વારા સાયબર એટેક કરાય છે અને એટલે જ ફાઇનાન્સિયલ સેક્ટરમાં મજબૂત ડિજિટલ સલામતી જરૂરી છે.

સિલ્વિન એડિટિવ્સનું 2030 સુધીમાં 1000 કરોડના ટર્નઓવરનું લક્ષ્ય

અમદાવાદ | પીવીસી અને સીપીવીસી ઇન્ડસ્ટ્રીજ માટેનાં ઉપયોગી ઉમેરણોમાં સિલ્વિન એડિટિવ્સ ઇનોવેટિવ, બજાર વિસ્તરણ અને વ્યૂહાત્મક રોકાણો દ્વારા વર્ષ 2030 સુધીમાં 1000 કરોડના ટર્નઓવરને હાંસલ કરવાનું લક્ષ છે. રૂ. 400 કરોડની વર્તમાન આવક સાથે સેગમેન્ટમાં નોંધપાત્ર બજાર હિસ્સો ધરાવે છે. દેશમાં એડિટિવ્સનું માર્કેટ 3000 કરોડ આસપાસ છે જે વાર્ષિક ધોરણે 7 ટકાની વૃદ્ધિ સાથે આગળ વધી રહ્યું છે. આ સેગમેન્ટમાં કંપની 65 ટકા કાચા માલની ચીન, ઇન્ડોનેશિયા, મલેશિયા, થાઇલેન્ડ અને પોલેન્ડથી કરી રહ્યું છે તેમ કંપનીના એમડી જગત ચોક્સીએ દર્શાવ્યો હતો. વધુમાં ઉમેર્યું કે આગામી સમયમાં કંપનીઓ બેકવર્ડ ઇન્ટીગ્રેશન તરફ પણ આગળ વધશે. કંપનીનું બોડેલીમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ છે અને જેમાં 30000 ટનની ક્ષમતા રહેલી છે. કંપની 1000 કરોડના ટર્નઓવર લક્ષ્યાંકમાં 700 કરોડ સુધી યુટિલાઇઝેશન હાલની ફેક્ટરીમાં થઈ શકે તેટલી ક્ષમતા રહેલી છે. વ્યૂહાત્મક દૃષ્ટિકોણ સતત નવીનતા અને મજબૂત વિકાસ દ્વારા બજારનું નેતૃત્વ કરવાનો છે.

પ્રાઇમરી માર્કેટમાં નિરાશા-એક માસમાં મેઇનબોર્ડ પર એક પણ IPO નહીં

સેકન્ડરી માર્કેટમાં નિરસ ટ્રેન્ડથી કંપનીના પ્રમોટરો દ્વારા વેઈટ એન્ડ વોચની સ્થિતિ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

સેક્ન્ડરી માર્કેટની સાથે પ્રાઇમરી માર્કેટમાં પણ નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા 30 દિવસમાં એક પણ મેઇન બોર્ડ આઇપીઓ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો નથી. છેલ્લે આવી ઘટના એપ્રિલ-મે-જૂન 2023 માં બની હતી. 25/4/2023 થી 6/6/2023 સુધી એટલે કુલ 41 દિવસ સુધી મેઈન બોર્ડ નો એક પણ આઈપીઓ યોજાયો ન હતો. જોકે 2020માં 74 દિવસ,132 દિવસ અને 53 દિવસ સતત પ્રાઇમરી માર્કેટ ઠપ્પ રહેલું અને બજાર પર કોરોના ની અસર જોવા મળી હતી. 2021માં એપ્રિલથી જૂનમાં પણ કુલ 70 દિવસ અને 2022માં ફેબ્રુઆરી 4 થી 24 માર્ચ એમ 47 દિવસ અને 24 મે 2022 થી લઈને 12 ઓગસ્ટ 2022 ,કુલ 78 દિવસ આઈપીઓ યોજાયા ન હતા. 2022 માં 30 ડિસેમ્બર થી 1 માર્ચ 2023 માં પણ 60 દિવસ આઈપીઓ આવેલા નહીં. જોકે માર્ચ 2025માં તો હજુ ઘણા આઈપીઓ આવવાના જ છે અને પાઈપલાઈન માં જ છે,પરંતુ સતત 30 દિવસ આઈપીઓ ન ખુલવાનો રેકોર્ડ 22 મહિના પહેલા થયેલો.

પ્રાઇમરી માર્કેટ માટે હજુ એક ક્વાર્ટર નબળુ રહી શકે

માર્કેટ નિષ્ક્રાત પરેશ વાઘણીના મતે આઈપીઓ માર્કેટમાં તાત્કાલિક તેજીની શક્યતા ઓછી છે. મેગા આઈ.પી.ઓ આવે અને જો સારા લીસ્ટીંગ થાય તો જ બીજા પ્રમોટરો હિંમત કરે તેમ છે. આઈપીઓ માર્કેટની પરિસ્થિતી થાળે પડતા બે-ચાર મહિનાનો સમય લાગી શકે છે. આવનારા ક્વાર્ટર માં પ્રાઇમરી માર્કેટમાં આઈપીઓ આવવાની શક્યતા છે.

પ્રાઇમરી માર્કેટમાં રોકાણ કરવા લાખો-કરોડો રૂપિયા રાખતા હોય છે. આ વખતના પ્રાઇમરી માર્કેટના શુન્યવકાશ ને લઈને રોકાણકારો ચિંતિત છે. એસ.એમ.ઈ આઈ.પી.ઓની સંખ્યામાં પણ ધરખમ ઘટાડો થવાની પૂરી શક્યતાઓ છે.કારણ કે, એસ.એમ.ઈ આઈ.પી.ઓના નોમ્સ ખૂબ જ ટાઈટ થઈ રહ્યા છે. જેવી તેવી કંપનીઓના આઈ.પી.ઓ આવવા સહેલા નથી રહ્યા. હવે સેબીની મંજૂરી મેળવવી જ અઘરી થશે.

ભાસ્કર ખાસ | વ્યૂહરચના રોકાણકારોને જોખમો સામે કલર્સ-રોકાણની સમજદારીનો કેલિડોસ્કોપ

સંતુલિત એસેટ એલોકેશન વ્યૂહરચના વૈવિધ્યસભર રોકાણ પોર્ટફોલિયો બનાવવામાં મદદરૂપ સાબીત થાય

ભાસ્કર ન્યૂઝ | મુંબઇ

રંગોનો વાઇબ્રન્ટ તહેવાર હોળી સમગ્ર ભારતમાં તથા વિશ્વના અનેક દેશોમાં મનાવવામાં આવે છે. આ તહેવાર વિવિધ પૃષ્ઠભૂમિના લોકોને સાથે લાવે છે તથા ઉમર અને સામાજિક મોભાના અવરોધોને વટાવે છે. હોળી એ જીવન, પ્રેમ અને વસંત ઋતુના આગમનની ઊજવણી છે જે રંગોના કેલિડોસ્કોપથી વ્યક્ત થાય છે. હોળીના રંગો જેમ સાથે મળીને એક વાઇબ્રન્ટ અને સંવાદિતાભર્યું ચિત્ર રજૂ કરે છે તેમ એક સંતુલિત એસેટ એલોકેશન વ્યૂહરચના મજબૂત તથા વૈવિધ્યસભર રોકાણ પોર્ટફોલિયો બનાવે છે તેવો નિર્દેશ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના ફંડ મેનેજર જયેશ સુંદરે દર્શાવ્યો હતો. સારી રીતે વ્યાખ્યાયિત એસેટ એલોકેશન વ્યૂહરચના રોકાણકારોને જોખમો, વળતર અને તકો વચ્ચેના પડકારજનક માર્ગ પર ચાલવામાં મદદ કરશે. રોકાણકારો પાસે ઇક્વિટી ફંડ્સ, ડેટ ફંડ્સ, ગોલ્ડ, ઇટીએફ, રિયલ એસ્ટેટ, કોમોડિટીઝ, સ્ટોક્સમાં ડાયરેક્ટ એક્સપોઝર વગેરે જેવા રોકાણ વિકલ્પોની ભરમાર છે.

સુસંગત પોર્ટફોલિયો બનાવવા માટે ડાઇવર્સિફિકેશન એ એક મુખ્ય પહેલ

શા માટે હાઇબ્રિડ ફંડ્સ?

ડાયવર્સિફિકેશન: રોકાણકારના નાણાકીય ઉદ્દેશ સાથે સુસંગત પોર્ટફોલિયો બનાવવા માટે ડાયવર્સિફિકેશન એ એક મુખ્ય પહેલ છે. જેમ હોળી રંગોની વિવિધતાની ઉજવણી કરે છે, તેમ હાઇબ્રિડ ફંડ્સ એસેટ ક્લાસની વિવિધતાની ઉજવણી કરે છે. ઇક્વિટી અને ડેટના મિશ્રણમાં રોકાણ ક